તાપમાન
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૩૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪૯ | ૨૦ નવેમ્બર, ૨૦૧૬, રવિવાર ; કારતક વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦





# પાંચ રાજ્યોમાં વહેલી ચૂંટણીના ભણકારા

**સુધારવામાં આવેલી મતદારયાદી જાન્યુઆરીમાં જાહેર થશે : સુધારેલી મતદારયાદી જાહેર કરવામાં આવ્યા બાદ તરત જ ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરાય તેવી પ્રબળ સંભાવના : મતદારયાદીને લઈને તમામ તૈયારીઓ**




નવી દિલ્હી, તા. ૧૯

ચૂંટણી પંચ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની ટૂંકમાં જ જાહેરાત કરે તેવી શક્યતા છે. પ્રાપ્ત માહિતી મુજબ કાર્યક્રમની જાહેરાત શક્ય તેટલી વહેલીતકે કરવામાં આવી શકે છે. ઉત્તરપ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, ગોવા અને મણીપુર જેવા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવનાર છે. પાંચમી જાન્યુઆરી અને ૧૫મી જાન્યુઆરી વચ્ચે સુધારવામાં આવેલા ચૂંટણી મતદારયાદી જાહેર કરી દેવામાં આવશે. મતદાનની પ્રક્રિયા ફેબ્રુઆરીમાં શરૂ થઈ જાય તેમ માનવામાં આવે છે. માર્ચ મહિનાની અંદર અન્ય તમામ પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે. નિર્વાચન સદનના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણીપુરમાં છેલ્લી વિધાનસભાની ચૂંટણીની તારીખ ૨૪મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે જાહેર કરવામાં આવી હતી. ચૂંટણી પંચે આ વર્ષની શરૂઆતમાં તારીખો

● અનુસંધાન પાન-૭ પર

## બેંકો અને એટીએમ પર હવે લાઈનો ઘટી

નવી દિલ્હી,તા. ૧૯

આઠમી નવેમ્બરના દિવસે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ આજે ૧૦માં દિવસે સ્થિતિમાં ઉલ્લેખનિય સુધારો થયો હતો. બેંકો અને એટીએમ ઉપર લાઈનો બિલકુલ ઓછી જોવા મળી હતી. સરકારે સ્થિતિને હળવી કરવાના પ્રયાસ ઉપર શનિવારના દિવસે માત્ર વરિષ્ઠ નાગરિકોને જ રૂપિયા બદલાવવાની મંજુરી આપી હતી. બીજી બાજુ પોતાની બેંકોમાં જ જૂની નોટ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

## નોટબંધી મુદ્દે કેજરીવાલ દેશમાં ૯૦ જનસભાઓ સંબોધશે

**મોદી સરકારને ભીંસમાં લેવા હેતુસર આયોજન : પહેલી ડિસેમ્બરના દિવસે મેરઠથી શરૂઆત કરાય તેવી શક્યતા**



નવી દિલ્હી, તા. ૧૯

આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે નોટ ઉપર પ્રતિબંધના મુદ્દે મોદી સરકારને ભીંસમાં લેવાના હેતુસર દેશભરમાં અનેક જગ્યાઓએ જન સભાઓ કરવાની તૈયારી કરી લીધી છે. પ્રાપ્ત માહિતી મુજબ ભાજપને મુશ્કેલીમાં મુકવા માટે તેમની ખાસ રણનીતિ તૈયાર કરાઈ છે. સૂત્રોએ કહ્યું છે કે યોજના હેઠળ દિલ્હી સહિત દેશભરમાં કેજરીવાલની ૯૦થી વધારે જનસભાઓ થઈ શકે છે. આની શરૂઆત પહેલી ડિસેમ્બરના દિવસે મેરઠથી થઈ શકે છે. આ જનસભાઓ મારફતે નોટ ઉપર પ્રતિબંધના ફેંસલા પર કેન્દ્ર અને ભાજપ સરકારને ભીંસમાં લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# અંકુશરેખા પર પાકિસ્તાન સેનાનો ફરી ગોળીબાર

**સુંદરબાની સેકટર અને નવસેરામાં ગોળીબાર : પાકિસ્તાની સેનાના ગોળીબારનો જડબાતોડ જવાબ અપાયો : સર્જિકલ હુમલા કરવામાં આવ્યા બાદ પાકિસ્તાન દ્વારા અવિરતપણે ગોળીબારનો દોર યથાવત**



નવી દિલ્હી, તા. ૧૯

પાકિસ્તાની સેનાએ આજે રાજૌરી જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. રાજૌરી જિલ્લામાં સુંદરબાની સેકટર અને નવસેરામાં એલઓસી ઉપર ગોળીબાર કર્યો હતો. જેનો ભારતીય જવાનોએ જોરદાર જવાબ આપ્યો હતો. સુંદરબાનીમાં ગોળીબાર છેલ્લા છ કલાકની અંદર પાકિસ્તાન દ્વારા બીજી વખત યુદ્ધ વિરામના ભંગ તરીકે છે. અગાઉ પાકિસ્તાની સેનાએ નવસેરા સેકટરમાં યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કર્યો હતો. બપોરના ગાળામાં સુંદરબાની સેકટરમાં ફરીવાર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ કોઈપણ ઉશ્કેરણી વગર ભારતીય ચોકીઓ અને નાગરિક વિસ્તારોમાં ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ એકપછી એક યુદ્ધ વિરામનો ભંગનો સીલસીલો જારી રાખ્યો છે. ભારતીય સેના આનો જડબાતોડ જવાબ આપી રહી છે. ભારતીય પક્ષે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં હજુ સુધી કોઈ ખુવારી થઈ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# જ્વેલર્સ બાદ બિલ્ડર્સ સામે તોળાતા પગલા

**તમામ મોટા શહેરોમાં સર્વેની કામગીરી શરૂ : બુલિયન કારોબારીઓ અને હવાલા ઓપરેટરો પર પણ તવાઈના સંકેત : ઈન્કમટેક્સની મોટા બિલ્ડરો અને કમિશન એજન્ટ પર નજર કેન્દ્રિત**






નવી દિલ્હી,તા. ૧૯

નોટ પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યા બાદ જ્વેલર્સ, બુલિયન કારોબારીઓ અને હવાલા ઓપરેટર્સ પર સકંજો જમાવવા માટેના પ્રયાસ હાથ ધરવા માટેની તૈયારી કરી લેવામાં આવી છે. ઈન્કમ ટેક્સ વિભાગે મોટા બિલ્ડરો અને તેમના કમીશન એજન્ટોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરી છે. બિલ્ડરો અને કમીશન એજન્ટસ દ્વારા નવી પ્રોપર્ટીમાં રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ જુની વાપરી છે તેવા અહેવાલ બાદ હવે આ દિશામા તૈયારી કરવામાં આવી છે. ઈન્ટેલિજન્સ રિપોર્ટ મળ્યા બાદ આવકવેરા વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બિલડરો તરફથી આ નોટને ડીલમાં કેશ ઈન હેન્ડ તરીકે દર્શાવવામાં આવીરહી છે. જેથી દર્શાવી શકાય કે આ નોટને આઠમી નવેમ્બરની તારીખ પહેલા લેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનોને પ્રજાની વચ્ચે જવા મોદીની સુચના

નવી દિલ્હી, તા.૧૯

નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ એકબાજુ આને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જ્યારે કેટલાક લોકો નારાજ પણ છે. આને લીધે જોરદાર રાજનીતિ રમાઈ રહી છે. મોદી સરકારની પ્રતિષ્ઠા ખરડવા માટે તમામ પ્રયાસો વિરોધ પક્ષો દ્વારા કરવામાં આવી રહ્યા છે. લોકોને થઈ રહેલી તકલીફના બહાને રાજનીતિના પ્રયાસ કરાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં વિરોધ પક્ષોને યોગ્ય જવાબ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આક્રમક યોજના તૈયાર કરી લીધી છે. મોદીએ કહ્યું છે કે નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ લોકોને વાસ્તવિકતા સમજાવવા અને તેમને બાબતોથી વાકેફ કરવા લોકોની વચ્ચે જવા તમામ સાંસદો અને મંત્રીઓને સૂચના આપી છે. આ દિશામાં શરૂઆત પણ કરી દેવામાં આવી છે. એકબાજુ વિરોધ પક્ષો ભારે હોબાળો મચાવી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં કેન્દ્રિય મંત્રીઓ પણ આને લઈને પ્રજાની વચ્ચે પહોંચે તેવી શક્યતા છે. ભાજપ સરકારના મંત્રીઓએ આક્રમક તૈયારી કરી છે.











